બરછી કાર્યાલય C/o.ફાઈન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

ડીસેમ્બર–૨૪ | વર્ષ : ૬૧
વર્ષ : જાન્યુઆરીથી | વાર્ષિક લવાજમ રૂ.૨૦૦

શિક્ષણ સેવા સંરક્ષણ

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫




**સમય...**

કરવટ બદલતા સમયની આણ વર્તાય છે,
એટલે તો સમય ખરે બળવાન કહેવાય છે.
સમયથી કોઈ બચી શકવાનું તો નથી
સમય થતાં સૂરજ પણ હા, અસ્ત થાય છે
જિંદગીમાં રોજ રોજ સમય આવતો નથી
'સમય' આવતાં જિંદગી બદલાય જાય છે
સમય સહુને હસાવે –રડાવે પણ છે.
ત્યારે સમયનું ગણિત સમજાય છે
'સમય' સમયનું કામ કરે છે જ સદા
સમયનું તો એકચક્રી શાસન વર્તાય છે.

– જસમીન દેસાઈ'દર્પણ' રાજકોટ.

## સમાચાર સંચય




વડોદરાની પ્રખ્યાત સર્વમંગલ શાળાની ધોરણ ચાર અંગ્રેજી માધ્યમની વિદ્યાર્થીની **કુ. હિરવા રોનક માંકડે** તાજેતર માં ન્યૂ દિલ્હી ખાતે યોજાયેલ ૮૦ થી વધુ દેશના છ હજાર બાળકો ની UCMAS (Universel Concept of Mental Arithmetic System)ની આંતરાષ્ટ્રીય સ્પર્ધામાં  કેટેગરી A2 લેવલમાં દ્વિતીય રનર અપનો એવોર્ડ પ્રાપ્ત કરી, આંતર-રાષ્ટ્રીય કક્ષાએ પરિવાર, જ્ઞાતિ તથા શાળાને ગૌરવ બક્ષ્યું છે. અભિનંદન.



ભાવનગર ચિન્મય મિશન દ્વારા દર વર્ષ મુજબ GCC એટલે ગીતા ચેન્ટિંગ કોમ્પિટીશન 2024 યોજાઇ ગઇ. જેમાં ભાવનગર જિલ્લાની ૯૩ શાળાઓનાં બાલમંદિર થી ધોરણ ૯ સુધીના ૬૦૦૦ બાળકોએ ભાગ લીધો હતો. જેમાંથી ધોરણ ૧ અને ૨ ના સંયુક્ત ગ્રુપ માંથી ફાઇનલમાં ૧૦૦ બાળકો પસંદ થયાં હતાં. તેમાં સિલ્વર બેલ્સ પબ્લિક સ્કૂલમાં ધોરણ ૨માં અભ્યાસ કરતી **ચિ. આશ્કા સર્જિત દેસાઈએ** દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. ધોરણ ૧-૨ માટે અધ્યાય ૫નાં પ્રથમ ૧૧ શ્લોક કંઠસ્થ કરવાના હતાં.

સાથોસાથ GFC એટલે ગીતા ફેમિલી કોમ્પિટિશનનું પણ આ જ રીતે આયોજન થયેલ. જેમાં ૨૫ પરિવારોએ ભાગ લીધેલ. તેમાં પણ **આશ્કા દેસાઈ પરિવાર (આશ્કા, માતા: હેમા અને પિતા: સર્જિત)**એ દ્વિતીય ક્રમ મેળવ્યો હતો.



આ જ સ્પર્ધામાં ધોરણ ૩ના ફાઇનલ ગ્રુપમાં ૩૪૧ બાળકો પસંદ થયાં હતાં. તેમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળમાં ધોરણ ૩માં અભ્યાસ કરતી **ચિ. શ્રેષ્ઠા દિવ્યાંગભાઈ વસાવડા**એ પ્રથમ ક્રમ મેળવ્યો હતો. ધોરણ-૩ માટે અધ્યાય-૫ના પ્રથમ ૧૬ શ્લોક કંઠસ્થ કરવાના હતા. ચિન્મય મિશન ભાવઆશ્રમ દ્વારા મેડલ, ટ્રોફી અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

બાળકોને તથા સંસ્કાર સિંચન કરતા તેમના માતા-પિતાને પણ અભિનંદન

**જૂનાગઢ** : તપન કુમુદચંદ્ર જીકારના પુત્ર ડો. ભવને ભારત સરકાર દ્વારા લેવાતી UPSC Exam (સમગ્ર દેશમાં ૬૦૦ માંથી ૨૯મા રેન્ક સાથે) પાસ કરેલ છે. ટુંક સમયમાં ડો. ભવન જીકાર ભારત સરકારશ્રીના રેલવે વિભાગમાં મેડિકલ ઓફિસર તરીકે જોડાશે..

**રાજકોટ** : આદ્ય કવિ નરસિંહ મહેતાની ૫૬૯મી હારમાળા જયંતિ નિમિત્તે દર વર્ષ મુજબ 'હાટકેશજન' ના ઉપક્રમે રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત રામકૃષ્ણનગર સ્થિત શ્રી મહેતાજીની પ્રતિમાને સારી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ પુષ્પાંજલી  અને વૈષ્ણવજનના સમૂહગાન સાથે શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતાં.

**અમદાવાદ** : ભક્ત કવિ નરસિંહ મહેતાની ૫૬૯ મી હારમાળા જયંતિ નિમિત્તે અખિલ ભારતીય નાગર પરિષદ - શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગર નાગર મંડળના સંયુક્ત ઉપક્રમે વસ્ત્રાપુર તળાવના પ્રાંગણમાં સ્થિત નરસિંહ મહેતાની પ્રતિમાને પુષ્પાંજલી સાથે ભાવ વંદના કરવામાં આવી હતી. આ અવસરે ૧૦૦ જેટલા ઉપસ્થિત જ્ઞાતિજનોએ વૈષ્ણવજનનું સમૂહગાન કર્યા બાદ, બહેનો ગરબે પણ ઘુમ્યા હતાં. અંતમાં અલ્પાહાર અને સાથે ચાની ચુસ્કી લઈ સૌ છૂટા પડ્યા હતા.

# શ્રી ક.સૌ.વ.ના.મંડળ અમદાવાદના ઉપક્રમે યોજાયો સ્નેહમિલન-સન્માન સમારંભ




શ્રી અતલભાઈ તથા શ્રી નીલકંઠભાઈના વરદ હસ્તે સ્મૃતિ ચિન્હ


તા.૧૦ ઓક્ટોબરની સલોણી સાંજે ૬ના સુમારે,ઓડા ગાર્ડનના હરિયાળાં કુદરતી વાતાવરણમાં અમદાવાદના શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળના ઉપક્રમે નૂતન વર્ષ સ્નેહમિલન સાથે વિશિષ્ટ સેવા- કાર્યોમાં સવિશેષ પ્રદાન બદલ રાજકોટથી પ્રકાશિત થતાં મુખપત્ર કલમ કડછી બરછીના તંત્રી શ્રી વિરેન શાંતિભાઈ ધોળકિયા,શ્રી શોધનભાઈ દેસાઈ,ડો.ચિરાગભાઈ દેસાઈ તથા ચૈતન્યભાઈ મજમુદારને સન્માનિત કરવાનો તથા તેજસ્વી તારકોને પારિતોષીક અને વર્ષ દરમ્યાન યોજાયેલી વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાય ગયો.દૂર સુદૂરથી આવેલા પ્રબુદ્ધ જ્ઞાતિજનો સમેતના આશરે ૭૦૦ જેટલી સંખ્યામાં જ્ઞાતિજનોની ઉપસ્થિતિથી કાર્યક્રમ ગરિમાવાન અને જીવંત બની રહયો હતો.









ઉપર-૧.જમણેથી શોધનભાઈ,ડો.ચિરાગભાઈ,વિભાકરભાઈ,વિરેનભાઈ, અતુલભાઈ,નીલકંઠભાઈ,હરસિદ્ધભાઈ,ચૈતન્યભાઈ,અમીષભાઈ
૨. શોધનભાઈનું સન્માન શ્રી પદ્મીનભાઈ બુચના હસ્તે
૩. ડો.ચિરાગભાઈનું સન્માન કલાપીભાઈના હસ્તે
૪. ચૈતન્યભાઈનું સન્માન પરેશભાઈના હસ્તે..
નીચે સાઈડમાં ઉદઘોષક કપિલભાઈ ધોળકિયા

કોર્પોરેટ ક્ષેત્રે ઉચ્ચ પદે કાર્યરત છે અને વધુમાં સારા વકતા, રંગમંચના કલાકાર, સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં રસ ધરાવતા શ્રી કપિલભાઈ ધોળકિયાએ પોતાની મૌલિક અને રસાળ શૈલીમાં ઉદ્ઘોષક તરીકેની બાગદોર સંભાળતાં, મંડળ વતી સૌને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી આવકાર આપ્યા બાદ સન્માનિત થનાર બંધુઓ તથા અન્યોએ સ્ટેજ ઉપર ગ્રહણ કર્યુ હતું. ત્રણ નાની બાળાઓ દ્વારા પ્રાર્થનાગાન બાદ શ્રી ક.સૌ. વ.ના. મંડળ ના પ્રમુખ શ્રી વિભાકરભાઈ ઘોડાએ પ્રાસંગિક સંબોધનમાં સૌને આવકાર આપી શુભેચ્છા પાઠવી હતી.તો મંડળના મંત્રી શ્રી અમીષભાઈ વસાવડાએ સંસ્થાની પ્રવૃત્તિઓની ઝલક આપી લેખા જોખા રજૂ કર્યા હતાં.

ત્યારબાદ શ્રી કપિલભાઈ ધોળકિયાએ વિરેનભાઈ ધોળકિયાનો પરિચય આપી અર્પણ થયેલ સન્માનપત્રનું વાંચન કર્યા બાદ પ્રમુખશ્રી વિભાકરભાઈએ વિરેનભાઈને (દરેકને પુષ્પગુચ્છને બદલે બુકેની જેમ આકર્ષક રીતે ગોઠવેલા, ઉપયોગમાં લઈ શકાય તેવા ત્રણ કલર-સાઈઝના નેપકિન) બુકે અર્પણ કર્યા બાદ ત્રણ દશકાથી સંસ્થા સાથે સંકળાયેલા નિષ્કામ સેવાભાવી અને નખશીખ પ્રામાણિક ટ્રસ્ટીશ્રી અતુલભાઈ કિકાણીએ શાલ ઓઢાડીને તથા એવા જ બીજા ટ્રસ્ટીશ્રી નીલકંઠભાઈ ધોળકિયાએ 'જ્ઞાતિ ગૌરવ એવોર્ડ' આપી સન્માન કર્યુ હતું.(ઉપર તસ્વીરમાં)

બાદમાં વિરેનભાઈએ સન્માનના પ્રતિભાવ રૂપે પ્રાસંગિક સંબોધનમાં સમસ્ત જ્ઞાતિજનોને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી, જ્ઞાતિ રત્ન જેવા સર્વોચ્ચ એવોર્ડથી સન્માનિત કરવા બદલ શ્રી કચ્છ સૌ.વ.ના.મંડળના પ્રમુખશ્રી સમગ્ર કારોબારી તથા ટ્રસ્ટીશ્રીઓનો ઉપરાંત સમસ્ત જ્ઞાતિનો પણ અંતઃકરણથી ધન્યવાદ વ્યકત કર્યો હતો. આ

સન્માન ૬૧ વર્ષથી અડીખમ રહી શકનાર કલમ કડછી બરછીનો મજબુત પાયો નાખનાર પિતાશ્રી શાંતિભાઈને અર્પણ કરતાં જણાવ્યું કે શાંતિભાઈએ ૧૯૬૮માં નિવૃત્તી બાદ જ્ઞાતિ એકતા સુદ્રઢ કરવાના ધ્યેય સાથે શિક્ષણ સેવા અને સંરક્ષણના મોટો સાથે કલમ કડછી બરછી પ્રકાશનને ફરી શરૂ કરી, તેઓએ કુલ ૨૫ વર્ષ અથાક મહેનત સાથે ખરા અર્થમાં નિષ્કામ જ્ઞાતિસેવા સાથે જ્ઞાતિ સંગઠન મજબૂત કરવામાં અમૂલ્ય પ્રદાન આપ્યું. વિરેનભાઈએ પોતાનું આ ૩૬ વર્ષમાં પ્રદાન નગણ્ય કહી શકાય તેમ જણાવી સન્માન સ્વીકારવાનું વિશેષ પ્રયોજન તો બરછી પ્રકાશનના છેલ્લા વર્ષે જ્ઞાતિજનોને પ્રત્યક્ષ મળી સૌના સહયોગ,બરછી પ્રત્યે અને તેના થકી મારા પ્રત્યે આજીવન યાદ રહે તેવો જ્ઞાતિજનોના અપાર પ્રેમાદર અને બરછીવાળા ધોળકિયા પરિવાર તરીકેની ઓળખ બદલ અહોભાવ વ્યકત કરી અહોભાવ–ભાવવંદન કરવાનું જ હતું.



'જ્ઞાતિ ગૌરવ એવોર્ડ' આપવામાં આવે છે તેવા સ્વ. ચંદ્રકાન્તભાઈ બક્ષીના પુત્રો–પરિવાર સાથે

વિદાય પ્રવચન આપી રહયા હોય તેવા સંબોધનમાં તેમણે આ સન્માનના હકદાર કહો ભાગીદારોની નોંધ લીધી હતી જેમાં દાદા પૂ. મુ.મગનભાઈના સંયુકત પરિવારના નાના મોટા સભ્યો,નિરપેક્ષ સેવાઓ આપી છે તેવા અગણિત પ્રતિનિધીઓ,બરછીના આજ સુધીના હજારો વાચકો, ચાહકો, મદદમાં આવેલ મિત્રો– શુભેચ્છકો, જીવનસંગિની – સંતાનોના યોગદાનની વિશેષ નોંધ લીધી હતી.

શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળની પ્રવૃત્તિઓની નોંધ લેતાં જણાવ્યું કે ૧૯૩૦થી આજ સુધીના નિસ્વાર્થ સેવાના ભેખધારીઓની નિષ્કામ ભાવના અને નખશીખ પ્રામાણિકતા થકી જ અનુદાનનો પ્રવાહ સતત વહેતો રહયો છે અને અવિરત અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે સાચા સન્માનના અધિકારી તો આ સૌ છે, તેમ જણાવી, એક સમયના પ્રમુખશ્રી સ્વ.મુ.વી.બી.માંકડ તથા તેમના સાથીદારો શાંતિભાઈ, નયનસુખભાઈ વસાવડા તેમજ મુ.મહેશકાન્તભાઈ વસાવડાના સમય અને શકિતના બલિદાનને યાદ કરી, આવી સંસ્થા દ્વારા પોતાનું સન્માન થાય છે તેના ગૌરવ સાથે મહેશભાઈએ તો આજ પર્યંત સંબંધો નિભાવી, કાર્યક્રમના મજેદાર શૈલીમાં અહેવાલ લખી મોકલતા જેની પણ નોંધ લીધી હતી.

અંતમાં રંજ વ્યકત કરતાં જણાવ્યું હતું કે,આજે દાતાઓ છે પરંતુ લગભગ દરેક શહેરમાં ૫૫ વર્ષથી ઉપરના જ્ઞાતિબંધુઓ જ જ્ઞાતિ માટે સમય ફાળવી રહયા છે.યુવા કાર્યકરોની ખોટ વર્તાય છે, યુવાનોને સમય ફાળવવા અપીલ કરી હતી તો સાથે સંસ્થાઓએ પણ યુવાલક્ષી પ્રવૃત્તિઓ કરી દરેક ક્ષેત્રના પ્રતિભાસંપન્ન યુવાનોને સન્માનિત કરવા વિચાર કરવા જણાવ્યું હતું.અંતમાં ફરી સત્કાર અને સન્માન બદલ આભારની લાગણી વ્યકત કરી વક્તવ્ય પૂરૂં કર્યું હતું.

ત્યારબાદ હાલના સંન્નિષ્ઠ પ્રમુખશ્રી અમીતભાઈ દેસાઈ તથા જ્ઞાતિ–મંડળ માટે અનન્ય યોગદાન આપનાર ૪૦ વર્ષથી વધુ સમય માટે ટ્રસ્ટીપદ શોભાવનાર મુ.મહેશભાઈ વસાવડા અમેરિકા હોઈ બંને તરફથી આવેલા શુભેચ્છા સંદેશનું શ્રી કપીલભાઈએ વાંચન કર્યું હતું. બંનેએ અભિનંદન પાઠવી બરછીની જ્ઞાતિસેવાને બિરદાવી.મહેશભાઈએ તો તેમના સંદેશમાં શાંતિભાઈ સાથેના ભૂતકાળની વાતો, માતુશ્રીને યાદ કરવા ઉપરાંત વિરેનભાઈનાં શ્રીમતી તથા તેમનાં બાળકોને બરછી ઉપર સ્ટીકર ચોડતા જોયાની પણ નોંધ લીધી હતી.

વિરેનભાઈના સન્માન બાદ ડી.એમ.ની ઉચ્ચ પદવી ધરાવતા કેન્સર રોગ નિષ્ણાત, જેઓએ આ રોગના નિદાન માટે સંશોધનો કરી અનેક અવોર્ડઝ મેળવી નામના મેળવી છે, તેવા ડો.ચિરાગભાઈ દેસાઈનું સન્માન કરવામાં આવ્યું હતું.શ્રી મૌલેશભાઈ દેસાઈએ પરિચય આપ્યા બાદ શ્રી કલાપીભાઈ વૈષ્ણવે સન્માનપત્રનું વાંચન કર્યા બાદ શ્રી કુલીનભાઈ વસાવડાના હસ્તે સ્મૃતિચિન્હ આપી ડો.ચિરાગભાઈ દેસાઈને સન્માનિત કરવામાં આવ્યા હતા.તેઓએ સન્માન બદલ આભાર વ્યકત કરી પોતાને લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ મેળવ્યા છતાં કાર્યરત છે તેમ જણાવી યુવાનોને ટેકનોલોજી,સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરી આગળ વધવા શીખ આપી હતી.

ત્યારબાદ વર્ષોથી અંત્યેષ્ઠિની અતિ કપરી સેવામાં સમય ટાઢ-તાપ-વરસાદ જોયા વગર હાજર થઈ જતા શ્રી ચૈતન્યભાઈ મજમુદારનું સ્તુત્ય સન્માન કરવામાં આવ્યું હતું.તેઓનો પરિચય તથા સન્માનપત્રનું વાંચન શ્રી અમીષભાઈ વસાવડાએ કર્યું હતું.બાદમાં શ્રી પરેશભાઈ વૈષ્ણવે બુકે તથા શ્રી હરસિદ્ધભાઈ ઘોડાએ સ્મૃતિચિન્હ આપી ચૈતન્યભાઈનું સન્માન કર્યું હતું.તેઓએ સન્માનના પ્રતિભાવ બદલ આભાર વ્યકત કરતાં જણાવ્યું કે આ જ્ઞાતિસેવાનો ભાગ છે.જેના પ્રેરક શ્રી નીલકંઠભાઈ ધોળકિયા છે જેઓ પણ ખડેપગે હાજર હોય છે.

અંતમાં ઉદ્યોગસાહસી શ્રી શોધનભાઈ દેસાઈનું સન્માન કરવામાં આવ્યું હતું.જેમનો પરિચય તથા સન્માનપત્રનું વાંચન શ્રી હેમંતભાઈ દેસાઈએ કર્યું હતું.ત્યારબાદ શ્રી અતુલભાઈ કિકાણીએ બુકે તથા શ્રી પદ્મીનભાઈ બુચે સ્મૃતિચિન્હ આપી શોધનભાઈને સન્માનિત કર્યા હતા.શ્રી શોધનભાઈએ પ્રતિભાવમાં સંસ્થાનો આભાર માની જણાવ્યં હતું મારા ૩૬ વર્ષના ધંધાના કાર્યકાળમાં નોકરીમાં જ્ઞાતિના યુવાનોને પ્રાધાન્ય આપ્યું છે જો કે જ્ઞાતિ યુવાનોમાં સાહસનો અભાવ જણાવી 'સ્ટાર્ટઅપ'માં આગળ આવવા જણાવી પોતાના કોઈપણ પ્રકારના માર્ગદર્શન માટે તૈયારી બતાવી હતી.

આ સન્માન કાર્યક્રમ બાદ શૈક્ષણિક પારિતોષીકો તથા અગાઉ યોજાય ગયેલ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. અંતમાં શીયાળાની હૂંફાળી ઠંડીમાં ગરમાગરમ પાંઉભાજી અને ગુલાબ જાંબુનો આસ્વાદ લઈ ગાર્ડનમાં પોત પોતાના પરિવારોની બેઠક જમાવી બે'ક કલાક બાદ છૂટા પડયા હતા.

કુ.આયુષી કપિલભાઈ ધોળકિયાની જહેમતથી FB દ્વારા આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવતાં દેશ-વિદેશના જ્ઞાતિજનોએ નિહાળ્યો હતો. વયને ભૂલી જઈ જ્ઞાતિ માટે ભેખધારી ટ્રસ્ટીઓ, કાર્યકારી પ્રમુખ, મંત્રી તથા સમગ્ર કારોબારી સભ્યોના ખડેપગે સતત હાજરી સાથેની જહેમત ને આયોજન ઉપરાંત સર્વશ્રી બાલેન્દુ છાયા, મનીષ કિકાણી,જીજ્ઞેશ નાણાવટી,મૌલેશભાઈ દેસાઈ દંપતી, રાજકોટથી સ્થાયી થયેલા હિમાંશુ વૈદ્ય, દુર્ગેશ વૈશ્નવ તથા ભાવીન વસાવડા જેવા નામી અનામી કાર્યકરોની મૂકસેવાથી કાર્યક્રમ સફળતાને વર્યો હતો.

<u>અંતમાં વાંચો..વિશેષ નોંધ - અવલોકન :</u>

શાંતિભાઈના સમયમાં પાંચ રૂપિયા લવાજમ હતું તે સમયે પ્રતિનિધી તરીકે સેવા આપી હતી તેવા ૯૨ વર્ષના મુ.વ.બીપિનભાઈ કિકાણી(હાલ જ્ઞાતિસેવામાં સક્રીય શ્રી મનીષભાઈ કિકાણીના પિતાશ્રી) શાંતિભાઈથી અમારા સુધી સેવા આપનાર ૮૭ વર્ષના મુ.વ.મુકિતભાઈ દેસાઈ તથા શ્રી કલાપીભાઈ વૈષ્ણવ ઉપરાંત પૂર્વ લોકાયુકત શ્રી દિનેશભાઈ બુચ,GSFCના પૂર્વ અધિકારી, શ્રી પદ્મીનભાઈ IAS અને ચિત્રકલામાં પારંગત શ્રીમતી બુચ, વંચિતોને નિષ્કામ નિઃશુલ્ક શિક્ષણ આપતા દાદા -દાદીની વિદ્યા પરબથી જાણીતા શ્રી દીપકભાઈ બુચ, જાણીતા

તબીબ દંપતી ડો.જસમીન– ડો. હલક વસાવડા, પોતાની યાદશકિત દ્વારા કસાયેલી કલમનથી આપણી ધરોહરથી સતત વાકેફ રાખતા શ્રી અનુપમભાઈ બુચ તેમજ જેમના નામથી દર વર્ષે 'જ્ઞાતિ રત્ન એવોર્ડ' આપવામાં આવે છે તે સ્વ. ચંદ્રકાન્ત ભાઈ બક્ષી(જેઓ એક સમયે રેલ્વેમાં ઘણા ઉચ્ચ સ્થાને આરૂઢ હતા)ના પિતા–જ્ઞાતિનું ઋણ અદા કરતા દાતા પુત્રો હેમાંગ ભાઈ, ધર્માંગભાઈ તથા તેમના પરિવારજનો (ફોટામાં) જેવા જ્ઞાતિના અનેક ગૌરવવંતા જ્ઞાતિજનોને પહેલી વાર તો કેટલાક ને ઘણા વખતે ફરી મળવાની તક સાંપડતા યાદો સાઝા કરવાની તક મળી હતી.

અમારા દાદા મુ.વ.મગનભાઈ ધોળકિયાના અમદાવાદ સ્થિત પરિવારજનો,શ્વસુર પક્ષના પરિજનોએ ખાસ હાજરી આપી.અમદાવાદ સ્થાયી થયેલા અસંખ્ય સ્નેહીઓ, મિત્રો,બરછીના સભ્યો–શુભેચ્છકો,પારિવારીક સંબંધી કપિલભાઈ ધોળકિયા, શોધનભાઈ દેસાઈ, મંડળ સાથે સંકળાયેલા રાજકોટના ઘણા જૂના સંબંધો ધરાવતા બાવીસી ભુવનવાળા મુ. નીલકંઠભાઈ ધોળકિયા, અમિષભાઈ વસાવડા દંપતી વગેરે ઘણાને અહી પરસ્પર જુદા 'રોલ' માં મળવાનું થયું.

અમે ૧૯૭૦માં કલકતા હતા ત્યાં બરછી આવતું હતું, મુંબઈમાં અમારે ૧૯૭૩થી બરછી આવે છે.. અમરેલીમાં હું ૧૯૭૩માં એસ.એસ.સી.માં પાસ થયો ત્યારે મારી પુત્રીમાં સફળ થઈ ત્યારે બરછીમાં સમાચાર છપાયા હતા. અમારા સગપણ–લગ્ન બરછી મારફત થયાં છે. અગાઉ મારા લેખ છપાયા છે. તો વળી શાંતિભાઈ સાથે સચિવાલયમાં નોકરીમાં હતા તેવા સ્વ.મુ. ઉત્તમભાઈ બુચના પુત્રો સપરિવાર મળ્યા અને કહે,'તને તો નાનો જોયો'તો' આવા છલકતા ભાવ સાથે ખાસ મળવા આવતા અનેક જ્ઞાતિબંધુઓને મળીને અનેરી ખુશીનો અને જ્ઞાતિ માટે યથાશકિત યજ્ઞકાર્ય કર્યાના સંતોષનો પણ અહેસાસ કર્યો.આમ કાર્યક્રમ બાદ સૌને મળતાં મળતાં લગભગ દોઢેક કલાકે ભોજન કાઉન્ટર ઉપર પહોંચવાનું થયું પરંતુ ભોજન કરતાં ભાવથી તૃપ્ત થવાનો આનંદ અનેરો હોય છે! આવા દુર્લભ લાભ બદલ મંડળનો તેમજ અભિનંદન શુભેચ્છા પાઠવનાર અસંખ્ય બંધુઓનો પણ આભારી છું

**કલમ કડછી બરછીના લવાજમ અંગે..**

બરછીના ચાલુ વર્ષના ગ્રાહકો જેમની એડ્રેસ સ્લીપ માં 12/2024 પ્રિન્ટ થયેલું આવે છે તેમનું લવાજમ આ માસમાં પૂરું થશે. નફા નુકસાન ની કોઈ જ ગણતરી વગર બરછી પ્રકાશનના અંતિમ સાત માસનું લવાજમ રૂ. ૧૫૦/- નિયત કરવામાં આવ્યું છે અને દર મહિને માત્ર કુરિયરથી અંક મોકલવામાં આવશે. ગુજરાત બહાર -અન્ય રાજ્યો- માટે રૂ. ૧૫૦/- જ રહેશે અને માત્ર પોસ્ટ (ટપાલ) દ્વારા જ અંક મોકલવામાં આવશે. આપનું લવાજમ Mob. No. 9428700105 /GPay દ્વારા મોકલી શકો છો.. નામ અથવા ગ્રાહક નંબર સાથે અચૂક જાણ કરશો. નોંધ લેશો કે જેમની એડ્રેસ સ્લીપમાં 7/2025 હોય તેઓને લવાજમ ભરવાનું રહેતું નથી. - તંત્રી.

**Dr. Ansh Desai**
**US citizen Doctor Nagar boy**
**Birth : Apr 4 1998**
**MD Neurosurgery**
**5 feet 11 inches 75 Kgs**
**Vegetarian, Non Drinker - Smoker**
**Fluent in Gujrati and English**
**S/o.Devang and Shangruti Desai**
**Contact :**
**Phone/ WA: (+1) 2103870111**
**(+91) 9825250521**

# રાજકોટ ખાતે નવરાત્રી - શારદીય ઉત્સવ ઉજવાયા

શ્રી અ.ભા.ના.પરિષદ તથા શ્રી હાટકેશ્વર પાટોત્સવ સમિતિ ના ઉપક્રમે પ્રતિ વર્ષ મુજબ તારીખ ૩-૧૧-૨૪ થી ૧૧-૧૧-૨૪ દરમિયાન બાલકુંજ હોબી સેન્ટર ખાતે સમૂહ નવરાત્રી સ્થાપન કરવામાં આવ્યું હતું. જ્ઞાતિગોર શ્રી ભરતભાઈ આચાર્ય દ્વારા સ્થાપન પૂજન અર્ચન કરવામાં આવ્યું. દરરોજ સવાર સાંજ આરતી જુદા જુદા વૃંદોના ગરબા, બાળકોને લાણી, એક રવિવારના સમૂહ આરતી, આઠમના હવનનો બહોળી સંખ્યામાં સંખ્યામાં જ્ઞાતિજનોએ લાભ લીધો હતો.

ત્યારબાદ અ.ભા.ના.પ. તથા શ્રી અ.વ. નાગર બોર્ડિંગ ટ્રસ્ટ ના ઉપક્રમે તા. ૨૩-૧૦-૨૪ થી ૧૦-૧૧-૨૪ દરમિયાન શારદીય ઉત્સવ ઉજવાયો. જેનો તારીખ ૨૩ના રોજ રાસોત્સવથી પ્રારંભ થયો... લાલાથી જાણીતા હિતશ્વ નાણાવટીના સુરીલા કંઠ અને તેના જ રાઘવ મ્યુઝિક ઓરકેસ્ટ્રાના સંગાથે ૩ વર્ષના બાળકોથી લઈને ૬૦ વર્ષીય સિનિયર સિટીઝન એ મન ભરીને ગરબે રમવાની રંગત માણી હતી. દરેક ઉંમરના ગ્રુપ પ્રમાણે વેલડ્રેસ અને પ્રિન્સ- પ્રિન્સેસ ના પારિતોષિકો એનાયત થયાં. નિર્ણાયકો તરીકે શ્રીમતી નિધિ ધોળકિયા પોટા, યાત્રી કિકાણી તથા મીત માંકડે સેવા આપી હતી. દર વર્ષ મુજબ શ્રી ચેતન છાયાએ ઉદઘોષક તરીકેની જવાબદારી સંભાળી હતી. અંતમાં પરોઠા, દમ આલુ સમોસા નો આસ્વાદ લઈ સૌ છૂટા પડ્યા હતા.

તા. ૨૫/૧૦ ના રોજ અલગ અલગ ગ્રુપના ભાઈઓ બહેનો માટે વાનગી સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં મીઠાઈ તથા ફરસાણ એમ બે વિભાગમાં ૬૦ જેટલા પ્રતિ યોગીઓએ હોંશભેર ભાગ લીધો હતો.આગવી પાક કલા અને ગારનીશીંગના સમન્વય સાથે વાનગીઓ મૂકી સ્પર્ધકોએ સૌની વાહ વાહી મેળવી હતી. બંને વિભાગમાં દાતાઓના સહયોગથી પાંચ પાંચ પારિતોષિકો તથા ભાગ લેનાર દરેકને પ્રોત્સાહન ઇનામો આપવામાં આવ્યાં હતાં. વાનગી સ્પર્ધાના નિર્ણાયક તરીકે મિતાબેન વૈષ્ણવ, પ્રેરણાબેન મંકોડી, અમીબેન ધોળકિયા તથા ડો. મેઘાબેન મહેતાએ પોતાની સેવાઓ આપી હતી.

તા. ૨૬/૧૦ ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગીત સંગીત, નૃત્ય તથા દર વર્ષ મુજબના જ જ્ઞાતિ બહેનોના વૃંદો દ્વારા ગરબા તથા વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ગીરાબેન મહેતા અને અભયભાઈ અંજારિયાએ કર્યું હતું. અંતમાં સૌ મોહનથાળ, રોટલી પુરી, વટાણા બટેટાનું શાક, કચોરી વગેરેને ન્યાય આપી છૂટા પડ્યા હતા.

તા. ૨૭/૧૦ના રોજ દર વર્ષે જ્ઞાતિજનોનું મુખ્ય આકર્ષણ રહ્યું છે તેવી અંતાક્ષરી સ્પર્ધા યોજાઈ હતી. જ્ઞાતિના જાણીતા હાસ્યકાર અને કટાર લેખક એવા શ્રી મિલન ત્રિવેદીના મૌલિક અને મોજ મસ્તીભર્યા સંચાલન હેઠળની આ સ્પર્ધામાં પાંચ ટીમોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. અલગ અલગ રાઉન્ડમાં ફિલ્મી ગીતો, સુગમ ગીતો સાથેની અંતાક્ષરી રસપ્રદ બની રહી હતી. નિર્ણાયક તરીકે શ્રીમતી નીતા વસાવડા અને શ્રી નિલેશ વસાવડાએ સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી અભય અંજારિયાએ સંભાળ્યું હતું. તો સ્કોરર તરીકે શ્રી દેવાંગ મંકોડી અને તુલન વૈષ્ણવે સેવા આપી હતી. આ દરેક સહયોગીઓને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્રણ વિજેતા અને અન્ય બે ટીમને પારિતોષિક આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે પાંવ રગડો પેટીસ અને છાશની મજા માણી હતી.

તા. ૩૦/૧૦ ના રોજ  શારદીય ઉત્સવ ૨૦૨૪ અંતર્ગત રમત ગમત સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં દોરડા કૂદ, મ્યુઝીકલ ચેર, લીંબુ ચમચો, વોલીબોલ થો, ૫૦ મીટર દોડ જેવી રમતોમાં મોટી સંખ્યામાં બાળકો બહેનોએ ભાગ લીધો. વિજેતાઓને તથા દરેક પ્રતિયોગીને પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યાં.

શારદીય ઉત્સવના આખરી ચરણમાં તા. ૧૧-૧૧-૨૪ ને રવિવારના રોજ જ્ઞાતિજનોનું સ્નેહમિલન સાથે શૈક્ષણિક પરિતોષિક વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.સ્વાગત પ્રવચન તથા મહાનુભાવોના પ્રસંગિક સંબોધન બાદ દરેક વિદ્યાશાખામાં પ્રથમ આવેલ કચ્છ સૌરાષ્ટ્રના તેજસ્વી વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર સાથે મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. નાગર બોર્ડિંગ હોલ એરકન્ડિશન્ડ થયા બાદના પ્રથમ જાહેર કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોની હાજરી જોઈ શકાતી હતી. અંતમાં અલ્પાહારનું પણ આયોજન હતું.

ઉપરોક્ત દરેક કાર્યક્રમનું લાઈવ વિડીયો શુટીંગ 'સરગમના સથવારે' પ્રશાંત માંકડ તથા સતીશ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું જેને youtube – 'હાટકેશજન' પર નિહાળી શકો છો.

શ્રી જે. ટી. બક્ષીના માર્ગદર્શન હેઠળ બંને સંસ્થાના હોદ્દેદારો તથા સ્વયંસેવકોની જહેમતથી આયોજન સફળ બની રહ્યું હતું.

અહેવાલ : શ્રી દેવાંગ મંકોડી

---

# કર્મ - એક ચિત્ શુદ્ધિ

મિત્રો આપણું પ્રત્યેક કર્મ શરૂ થાય તે પૂર્ણ બને ત્યાં સુધી આપણા પ્રત્યેક ગમા અણગમા સમયે આપણા ચિત્ ઉપર જરૂર અસર કરે છે.

વાત તો આમ બહુ સામાન્ય લાગે કદાચ પરંતુ સવારે ઉઠતાંવેત આપણે દૈનદિનમ રોજની ઘટમાળમાં જોડાઈ જઈએ છીએ. બ્રશ કરવું, ચા નાસ્તો લેવા. પહેલાં આટલા કાર્યો પર વિચાર કરીએ તો બ્રશ કરતી વખતે કે ઊઠીને સ્વસ્થ થતી વખતે કે પછી ચા નાસ્તો કરવા સમયે આપણે સંપૂર્ણ ધ્યાનપૂર્વક આ ક્રિયાઓ કરીએ છીએ?

ફટાફટ થઈ ગયું અને પછી સવારનું અખબાર ઉપર નજરે જ ફેરવીએ ત્યાં ઓફિસે પહોંચવાની ઉતાવળમાં સ્નાન આદિ ક્રિયા કદાચ બધું જ- હા કદાચ બેધ્યાનપણે તો નથી કરતા!?

આપણે જેટલી આપણા શરીરની સંભાળ રાખીએ છીએ તેટલી મન ચિત્ત ને રાખવાનું વિચારીએ છીએ ખરા ? શાંત ચિત્તે કરેલું પ્રત્યેક કર્મ ચોકસાઈથી અને સુપેરે થાય છે. અરે, આપણને પ્રત્યેક કામમાં આવતા ટુ વ્હીલરની પણ આપણે આનંદથી પ્રેમપૂર્વક સંભાળ લઈએ છીએ ખરા? વિચારી જુઓ!

આપણો પ્રત્યેક દિવસ પ્રસન્નચિત્તે જાય તે માટે કોઈપણ કર્મ ચોકસાઈથી કરવાની ટેવ પાડવી જરૂરી નથી શું? ઘણી વખત તો સ્કૂટર ઉપર બેઠા પછી આપણું વોલેટ યાદ આવે છે કે ભુલાય તો નથી ગયું ને? તો જરૂરી પતાવવાના કાર્યોમાંથી એક બે તો ભૂલી જ જવાના. આમ કેમ થતું હશે? જેટલું ચિત્ત શાંત સ્વસ્થ અને આનંદમય તેટલી પ્રત્યેક કર્મમાં સફળતા. કામ તો કોઈ નાનું કે મોટું નથી જ ને! તમારી રોજની જરૂરિયાત તમે જ સંભાળપૂર્વક નિયત જગ્યાએ રાખવાની ટેવ પાડીએ તો? વાત કદાચ નાની લાગે પણ આપણી ચીવટ અને નિયમિતતા આપણા પ્રત્યેક કાર્યને રૂડા બનાવે છે તે નક્કી હો!

મારો પ્રત્યેક દિવસ ઊગે અને આથમે તે સમય દરમિયાન મેં કરેલા કર્મને આધ્યાત્મિક ટચ આપીએ તો?

તમે પૂછશો કે વિચારશો આધ્યાત્મિકતા ની વાત ક્યાં આવી? નાનકડી વાત કહું.. મહાભારતના તુલાધાર વૈશ્ય ની કથા એવી છે કે જાજલી નામનો બ્રાહ્મણ તુલાધાર પાસે જ્ઞાન લેવા જાય છે. તુલાધાર તેને ત્રાજવાની દાંડી સીધી રાખવાનું કહે છે. કર્મયોગીનું પ્રત્યેક કર્મ જપ સમાન હોય તો જ ચિત્ત શુદ્ધિ સંભવે ને ! અહીંયા સમવૃતિની વાત થઈ. મારી બુદ્ધિની એરણ જીવનમાં સંપર્કમાં આવતા પરિચિતો પાસે કેવી શિફતપૂર્વક ચતુરાઈથી ફેરવું છું પણ મારી પોતાની બુદ્ધિનું શું? તે કેટલી કચરા સમાન- જાતભાતના વિચારોથી ખદબત્તી, દુર્ગંધ ફેલાવતી બુદ્ધિને એટલે કે ચિત્તને શુદ્ધ કરવાનું વિચાર્યું છે કદીએ?

તમારું પ્રત્યેક કર્મ અન્યના સંપર્કમાં આવતાં જ ઝળહળતું, કંઈક નોખી અનોખી ભાત પાડી જાય તેવું ન વિચારાય? અરીસો જૂઠું ના બોલે...એટલે જ કદાચ કર્મ જ આપણું ભાગ્ય ઘડતું હશે ને ? માટે તમે જ 'તમારા ભાગ્યના વિધાતા'.

- પ્રકાશ દિનકરરાય હાથી, રાજકોટ. M. 9426132066

# શ્રી સતીષ નિરંજનરાય વોરાનો દેહ વિલય



રાજકોટના વડોદરા સ્થાયી થયેલા શ્રી સતિષભાઈ નિરંજનરાય વોરાનું અમેરિકા ખાતે દેહાવસાન થતાં જ્ઞાતિ સમાજે એક જાંબાજ રમતવીર વ્યાયામવીર, તો પરિવારે સૌને એક તાંતણે જોડી રાખનાર પ્રેમાળ મોભી ગુમાવ્યો.

ભાવનગર ખાતે ૧૯૩૭ માં જન્મ. રાજકોટ ખાતે ચૌધરી હાઈસ્કૂલ ખાતે તથા ધર્મેન્દ્રસિંહજી આર્ટસ અને સાયન્સ કોલેજમાં અભ્યાસ કર્યો. ગુજરાત વિદ્યાપીઠ માંથી એમ.એસસી. ઓર્ગેનિક કેમેસ્ટ્રીમાં અનુસ્નાતક થયા.

આ દરમિયાન સતિષભાઈ રાજકોટ ખાતે શ્રી શાંતિભાઈ ધોળકિયા, મનહરભાઈ હાથી તથા હર્ષવંતભાઈ હાથી સંચાલિત હાટકેશ વ્યાયામ સંઘમાં જોડાયા. તેઓ અને ત્યારના તમામ સભ્યો આ વ્યાયામ શાળામાં શીખવા મળેલ શિસ્ત, નિયમિતતા શરીર સ્વાસ્થ્ય હર હંમેશ યાદ કરે.

સતિષભાઈએ ૧૯૫૮માં કોટક સાયન્સ કોલેજમાં ટયૂટર તરીકે કારકિર્દીની શરૂઆત કરી. ત્યારબાદ ઇન્ડિયન રેયોન ઇન્ડસ્ટ્રીઝ વેરાવળ ખાતે સિનિયર કેમિસ્ટ, એમ.ડી. સાયન્સ કોલેજ, પોરબંદર ખાતે કેમેસ્ટ્રીના પ્રાધ્યાપક તરીકે નોકરી કરી. ૧૯૭૨થી વડોદરા ખાતે આઈ.પી.સી.એલ. માં જોડાયા અને ૧૯૯૬માં એચ.આર.ડી. ડિપાર્ટમેન્ટના વડા તરીકે નિવૃત્ત થયા ૧૯૯૬ થી ૨૦૦૨ સુધી બરોડા પ્રોડક્ટિવિટી કાઉન્સિલ માં સિનિયર એક્ઝિક્યુટીવ તરીકે સેવાઓ આપી.

તેઓને શાળાકીય સમય દરમિયાનથી જ રમતગમતનો શોખ, જે વેટરન સુધી પેશન જાળવી રાખી અનેક સિદ્ધિઓ હાંસલ કરી હતી.

શાળાકીય રમતોત્સવમાં પ્રથમ આવી ચૌધરી હાઇસ્કુલને વિજેતા બનાવી રાજ્ય તરફથી કાયા કૌશલ કસોટી જે ઓલિમ્પિક્સના પેન્ટેથેલોન જેવી ગણાતી હતી, તેમાં સૌથી વધારે પોઇન્ટ મેળવેલ. આંતર વ્યાયામ શાળામાં ખો ખો, કબડ્ડી જેવી રમતોમાં ભાગ લઈ શ્રી હાટકેશ વ્યાયામ સંઘને પ્રથમ સ્થાન અપાવ્યું હતું. તો તે સમયે વ્યાયામ શાળા તરફથી આગ્રા, અજમેર વગેરે સ્થળોએ નાગર પરિષદમાં સ્વયંસેવક તરીકે ભાગ લઈ ટાઈગર જમ્પ, સળગતી રીંગ જમ્પ, પિરામિડ વગેરેમાં ભાગ લઈ નામના મેળવી હતી. કોલેજ કાળ દરમિયાન ૧૯૫૪ થી ૫૯ સુધી સૌરાષ્ટ્ર વિભાગના એથલેટીક્સના વ્યક્તિગત ચેમ્પિયન રહ્યા હતા.

૧૯૫૪ થી ૫૭ના ત્રણ વર્ષ દરમિયાન સમગ્ર ગુજરાત યુનિવર્સિટીના ૧૦૦/૨૦૦ મીટર હડલ્સ, લોંગ જમ્પ, ટ્રીપલ જમ્પ, શોર્ટ પુટ, ડિસ્ક થ્રૉ અને રિલે રેસમાં પ્રથમ દ્વિતીય સ્થાન મેળવ્યું હતું.

સતિષભાઈએ રમત ક્ષેત્રે ખૂબ લાંબી મજલ કાપી લગભગ ૮૦ વર્ષની આયુ સુધી વેટરન કક્ષાએ હેમર થો અને ડિસ્ક થો માં પ્રથમ સ્થાન માટે એકચક્રી શાસન જાળવ્યું હતું. અન્યની પ્રેરણા માટે પોતાના જ અક્ષરમાં -સ્વહસ્તે- બરછી માટે આ દરેક સમાચાર લખી મોકલતા જેનું અમને ગર્વ છે.

વિશેષ નોંધપાત્ર બાબતો જોઈએ તો- એન.સી.સી.ના ચાર વર્ષ પુરા કરી C સર્ટિફિકેટ ની પરીક્ષા પસાર કરી, સિનિયર અંડર ઓફિસર સુધી પહોંચ્યા હતા. ૧૯૫૮માં મુંબઈ રાજ્ય એન.સી.સી. તરફથી રિપબ્લિક ડે પરેડમાં સ્થાન પામ્યા હતા. જે એક ઉચ્ચ સન્માન ગણવામાં આવતું હતું. આઇ.પી.સી.એલ.માં ટ્રેઈનિંગ અને એચ.આર.ડી. ના કાર્યભાર ઉપરાંત લગભગ ૨૦ વર્ષ સુધી ડેવલપમેન્ટ કાઉન્સિલના માનદ સેક્રેટરી તરીકે કાર્યરત રહી વિશ્વ કક્ષાનું સ્પોર્ટ્સ સંકુલ ઉભું કરવામાં તેઓનો સિંહ ફાળો હતો. આ ઉપરાંત ઓલ ઇન્ડિયા વેટરન એથલેટીક્સ એસોસિએશનના વર્કિંગ પ્રેસિડેન્ટ, એમેચયોર એથલેટીક્સ એસોસિએશનના માનદ સભ્ય, ઇન્ડિયન સોસાયટી ફોર ટ્રેનિંગ અને ડેવલપમેન્ટના ચેરમેન અખિલ, ભારતીય નાગર પરિષદના ઉપપ્રમુખ તરીકે પણ પોતાની સેવાઓ આપી હતી.

આવા કર્મયોગી અને રમતના સાધક એવા સતિષભાઈના જીવનમાંથી પ્રેરણા લઈએ તે જ તેમને સાચી અંજલી.

# અનન્ય પ્રતિભાસંપન્ન ભાવાંક બુચની એકાએક અલવિદા



અમદાવાદ સ્થિત પ્રશાંતભાઈ બુચ અને મીતાબેન બુચના જ્યેષ્ઠ પુત્ર ભાવાંક તારીખ 24 સપ્ટેમ્બરના રોજ પંચમહાભૂતમા વિલીન થયા. એક એવી પ્રતિભા જેમણે પાંત્રીસ વર્ષની નાની વયે એટલી સિદ્ધિઓ હાંસિલ કરી જે સામાન્ય રીતે આખા આયખામાં હાંસિલ કરવી મુશ્કેલ હોય છે. વળી વિશેષતા એ હતી કે તેમણે ટૂંકી જિંદગાનીમાં એક પણ ક્ષેત્ર બાકી નહીં રાખ્યું હોય તેમ જણાય છે. જે ધ્યાન એકાગ્રતા, મન- મક્કમતા ઉપરાંત પુરુષાર્થ દ્વારા જ શક્ય બને..જેમ કે..

ફક્ત પાંચ વર્ષની નાની વયે બન્ને આંખોની દ્રષ્ટિ ગુમાવ્યા બાદ મનની દ્રષ્ટિના આધારે સામાન્ય વિદ્યાર્થીઓની શાળામાં જ અભ્યાસ કરી M.A.,B.Ed. with English Literature, P.G. જર્નાલીઝમ, તબલાંમાં વિષરદ, તથા LL.B. માં સ્નાતક, આઈ.ટી.આઈ. માંથી કોમ્પ્યુટર ઓપરેટર સર્ટિફિકેટ મેળવીને કોમ્પ્યુટર ઓપરેશનમાં માસ્ટર થયા. ઉપરાંત બ્રેઇલ લિપિમાં ઇંગ્લિશ, ગુજરાતી અને હિન્દી લેખન સ્પર્ધામાં ઇનામો મેળવ્યાં. ઈલેક્ટ્રોનિક મીડિયામાં લાઈવ ન્યૂઝ રીડિંગ ફ્રીલાન્સર તરીકે કરતા અને કોમ્પ્યુટર જેવા "આંખ"ની મોનોપોલી વાળા વિષયમાં પણ ઓરેકલ ડેટાબેઝ એક્સપર્ટ તરીકે સર્ટિફિકેશન મેળવ્યું.

ત્યારબાદ વ્યવસાયિક ક્ષેત્રે સ્કૂલમાં મ્યુઝિક ટીચર તરીકેની ફરજ બજાવવા સાથે આકાશવાણી અમદાવાદ સ્ટેશનના યુવાવાણી પ્રોગ્રામમા હોસ્ટ, કન્ટેન્ટ રાઇટર એન્ડ કોમ્પીયર રૂપે પણ ભારે નામના મેળવી.

ક્રિકેટના ભારે શોખીન ભાવાંક બુચને કોઈ પણ મેચ કે ખેલાડી વિષે પૂછો તો ગૂગલની જેમ સ્ટેટિસ્ટિક્સ અને એનાલિસિસ હાજર કરી દેતા.

ભાવાંક વિશ્વમાં સૌથી પ્રતિભાશાળી બિરુદ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ તથા નામાંકિત એવા લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ, ઇન્ડિયા રેકોર્ડ જેવા ચાર રેકોર્ડ સહિત તબલા વાદનમા અસંખ્ય રેકોર્ડ કરી સંગીત ક્ષેત્રે સ્થાન પામ્યા ઉપરાંત એમણે 'પત્રકારત્વ અને વિકલાંગતા એક પડકાર' ઉપર મહાનિબંધ લખેલ. આવા  પ્રતિભાશાળી ભાવાંકનું નાની ઉમરે મેળવેલ સિદ્ધીઓ બદલ જૂનાગઢ નાગર મંડળ દ્વારા નરસિંહ મહેતા -ડિફરન્ટલી એબલ્ડ- એવોર્ડથી ખાસ સન્માન કરવામાં આવેલું.

આ બધી ઉપલબ્ધિઓ પાછળ એમના માતા પિતા, દાદા દાદી, નાના નાની અને નાના ભાઇ સ્વરાજના મૂક અને અવિરત સાથ-સહકારની સાથે એમના શિક્ષકો, પ્રોફેસર્સ, ગાઇડ્સ, આકાશવાણી અને સ્કૂલ, કોલેજ નો સ્ટાફ તેમજ અન્ય પરીજનોનો મોટો ફાળો હતો જેણે ભાવાંક માટે આંખ અને પાંખ ની ભૂમિકા ભજવી.

ભાવાંક બુચ આવી પ્રેરણાદાયક સફર છોડીને પાંત્રીસ વર્ષની નાની વયે અનંત યાત્રાએ નીકળ્યા ત્યારે એકજ વિચાર આવે "બરખુર્દાર, જિંદગી લંબી હો ના હો, બડી હોની ચાહિયે"

-*-*-*-*-*-*-*-*-*-

**નવું વર્ષ...**

**જૂનાં વર્ષે નવલ વરસને આ પૂ છ્યું છે,**
**કે વરસ નવાં માં શું શું કરવા ધા ર્યું છે.**
**ભૂ લો થઇ મુ જથી જે ગયાં વરસમાં ,**
**ના થા ય ફરી થી એવું મેં વિ ચા ર્યું છે.**
**થા શે પૂ રું એ કા મ બધુ યે મા રા થી ,**
**ગયાં વરસમાં જેજે પડતું મૂ ક્યું છે.**
**જીત થશે મા રા પ્રયા સો ની તો ,**
**કા મ અશક્ય લો કે છો બો લ્યું છે.**
**મા રી ભૂ લે ના મા રાં સં બં ધો છૂટે,**
**એ સૌ એ બળ ઘણું યે આપ્યું છે.**
**સુ ખની જગ્યા થઈ ગઇ ત્યાં તો ,**
**દુ: ખ મા રી પા છળ દો ડી થા ક્યું છે.**
**- પૂ ર્વી શુ કલ, અમદાવાદ.**

## અનંતના યાત્રીઓને શ્રદ્ધાસુમન :

**જુનાગઢ** : ગં.સ્વ. નિરૂપમાબેન પ્રસન્નકુમાર ઘોડા, ગં. સ્વ. સુધાબેન (શાંતિબેન) ડૉ. નવસુખલાલ વસાવડા (ઉ.વ.૯૩) // શ્રીકાંતભાઈ દિનકરરાય જોષીપુરા(ઉ.વ. ૯૫) સુરેશભાઇ જયેન્દ્રરાય કચ્છી (નિવૃત બહાઉદ્દીન કૉલેજ) (ઉ.વ.૭૭)

**જામનગર** : ગં.સ્વ. હંસાબેન વામનરાય માંકડ (ઉ.વ. ૮૯)ક્રિષ્નાબેન હેમેન્દ્રભાઈ રીંડાણી (ઉ.વ. ૫૮) વિરેન્દ્રભાઈ ઈશ્વરલાલ માંકડ નીતિનભાઈ રસિકલાલ બુચ, વિમળાબેન મણિકાન્ત ધોળકિયા (ઉ.વ. ૯૨) વ્યોમેશભાઈ મણીધરરાય વૈદ્ય (ઉ.વ. ૭૧) નિલેશ્વરી (નીલાબેન) સુરેશભાઈ નાણાવટી, ઉ. વ. ૬૭

**રાજકોટ** : નિગમ સુરેન્દ્રરાય વસાવડા (ઉ.વ.૫૯) ભારતીબેન ચંદ્રશેખરભાઇ વસાવડા, હરપ્રસાદ છાયા (જાણીતા શિક્ષણવિદ અને જી. ટી.ગર્લ્સ સ્કુલના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ,ટ્રસ્ટી) પૂર્ણિમાબેન કીર્તિકુમાર (કાકુભાઈ) વૈષ્ણવ (ઉ.વ.૮૯) સૌ. કિશોરીબેન અનિલભાઈ દેસાઈ .કુણાલ મનીષચંદ્ર ત્રિવેદીના (ઉ.વ. ૪૧) સુધીરભાઈ ગજેન્દ્રભાઈ સ્વાદિયા,વિભાબેન ધર્મકુમાર મહેતા(ઉ.વ.૮૦) યોગેશભાઈ નાનાલાલ ધોળકિયા(ચક્ષુદાતા) ભાલચંદ્રભાઈ હરેન્દરાય વૈદ્ય (પંજાબ નેશનલ બેંક)(ઉં.વ.૯૦) ભાર્ગવ (મનોજ) મધુકરભાઈ અંજારિયા (ઉ.વ. ૫૨) કિરણભાઈ રજનીકાંત ભાઈ સ્વાદિયા (ઉ.વ.૭૪) સરલાબેન બીપીનભાઈ વસાવડા (ઉ.વ. ૭૮) સાધનાબેન ભવસુખભાઈ માંકડ (ઉ.વ.૭૨)

**અમદાવાદ** : તરલિકા દિવ્યકાંત (દિલુભાઈ) છાયા (ઉ.વ. ૭૮) અ.સૌ. ભારતીબેન હરેન્દ્રભાઈ માંકડ - હરેન્દ્રભાઈ વેણીલાલ માંકડ, સ્વ. રશ્મિકાંત અશ્વનિકુમાર પોટા (ઉ.વ.૬૯) નીતિભાઈ મંછાશંકર દેસાઈ (ઉમર ૧૦૦ વર્ષ) આશાબેન કૌશિકભાઈ વોરા, નિહારિકા કિરીટ અંજારિયા (ઉ વ ૭૬),

**ગાંધીનગર** : અંજનીબેન પ્રબોધચંદ્ર જોશીપુરા, શ્રી અરુણ હર્ષદરાય બુચ (૯૦) ગ.સ્વ ઉષા બહેન અનિલકાત બૂચે (ઉ.વ. ૯૨) મીના (ભાવના)બેન) ધોળકિયા ગાંધીધામ : સંજય હર્ષદરાય ધોળકિયા (ઉ.વ. ૫૫)

**ભુજ** : સુનિલ.ઘનશ્યામભાઇ બુચ (ઉ.વ.૬૭), ભૂપેન્દ્ર કાંતિલાલ અંજારિયા (ઉ.વ. ૯૦), ગં.સ્વ. હંસાબેન કૃષ્ણકાન્ત વૈષ્ણવ(ઉ.વ.૭૮) યશવંતકાન્ત વિજયકાંત છાયા (ઉ.વ. ૭૮) ગં.સ્વ. ઈલાબેન સુભાષભાઈ માંકડ (ઉ.વ.૭૩) ગં.સ્વ. હંસાબેન કૃષ્ણકાન્ત વૈષ્ણવ (ઉ.વ.૭૮)ઈલાબેન મધુસૂદન ભાઈ છાયા (ઉ.વ. ૭૬) ધર્મિષ્ઠાબેન બિપીનભાઈ ધોળકિયા ( ઉ.વ. ૮૦ ). જ્ઞાતિ ગોર શ્રી જીતુભાઈ વોરા (ઉ.વ. ૯૪)

**વડોદરા** : ગં સ્વ માલતીબેન ધીરૂભાઇ હાથી, (ઉ.વ.૯૬),મહેશભાઈ પુષ્પકાંતભાઈ વોરા (ઉ.વ. ૭૫) અખીલભાઈ બક્ષી, અરવિંદભાઈ પ્રાણલાલ ધોળકિયા, (ઉ.વ.૮૯),જ્વલંતભાઈ જયંતભાઈ દેસાઈ. શ્રી. દુષ્યંતભાઈ મનસુખલાલ અંતાણી, (ઉ.વ.૬૭,) ગાયત્રીબેન અશ્વિનભાઈ વસાવડા (ઉં.વ. ૮૦) અ. સૌ. શ્રીમતી માતંગીબેન દિનેશચંદ્ર વસાવડા (ઉ.વ.૭૬) ભદ્રેશભાઈ જયાપ્રસાદ બક્ષી, તરલિકા દિવ્યકાંત (દિલુભાઈ) છાયા (ઉ.વ. ૭૮) વીણાબેન પ્રદ્યુમ્નભાઈ જોશીપુરા (ઉ.વ. ૮૮) ગં સ્વ માલતીબેન ધીરૂભાઇ હાથી, ઉંમર વર્ષ ૯૬, મહેશભાઈ પુષ્પકાંતભાઈ વોરા ( નિવૃત ભુજ કોમર્શિયલ બેંક) ((ઉ.વ. ૭૫)

**ભાવનગર** : શ્રી મુકુલ અશ્વિનભાઈ વૈષ્ણવ (LIC )જસવંતરાય અમુલખરાય મહેતા, (ઉ.વ. ૮૮) શ્રીમતી મંદાકિનીબેન જનકરાય વોરા, (ઉ.વ. ૮૨),શ્રીમતી વીણાબેન નિરંજન વૈદ્ય, (ઉ.વ. ૯૧),હરકાંતભાઈ મધુસુદનભાઈ દેસાઈ (ઉ.વ.૯૦ -નિવૃત્ત એસબીએસ.-જેઓ બરછી પ્રતિનિધિ શ્રી મુકેશભાઇ દેસાઈના જયેષ્ઠ બંધુ થાય)

**મુંબઈ** : હિરેનભાઈ ચંદ્રવદન ધોળકિયા (ઉ.વ. ૬૧) શ્રી હિંમાશુભાઈ છગનભાઈ જીકાર, મહેન્દ્ર નૌતમલાલ અંજારિયા, ઉંમર ૯૦ વર્ષ, **નવી દિલ્હી** : જગદીશભાઈ ગજેન્દ્રરાય બુચ, **વલસાડ** : પન્નાબેન અજીતભાઈ દેસાઈ

**નયા અંજાર** : શિરીષચદ્ર દુર્લભચંદ્ર છાયા, એડવોકેટ, માંગરોળ : યજ્ઞેસ્વરીબેન (નિવૃત શિક્ષીકા)

# ધબાય નમ: !

મારે અમદાવાદથી ઓચિંતાનું સુરત જવાનું થયું.

ધર્મ પત્નીને કીધું'તું,પણ તોયે 'થોડો મોડો ઉઠાડયો' તેવા રોષ સાથે,તેની ન થઈ હોય તો પણ; ભૂલના ભતકડાં કાઢતો અને પશ્ચાતાપના પરમાણુઓ જન્માવતો જલ્દી-જલ્દી રીક્ષામાં બેઠો !

ઉતરતી વખતે હંમેશા,રીક્ષાવાળા અને મુસાફર વચ્ચેના 'એપી સેન્ટર' જેવા,અવિશ્વાસનું વાતાવરણ સર્જાતા મીટર તરફ ઊંટ પાણી પીવા ડોકી નીચી કરે તેમ;ઝૂક્યો !

ત્યાં રીક્ષાવાળો અમુક રકમ બોલ્યો.

'મનના મીટર ' અને રીક્ષાના મીટર કદી ટેલી ન થાય તે મુજબ મેં કીધું "આટલા બધા ન થાય".

તેણે કહ્યું સાહેબ 'બોણી' છે !

પરચુરણ ધંધાવાળા આપણને "સેન્ટિ"(મેન્ટલી) કરવા માટે, દરેક આવકને "બોણી" નું ઉપનામ આપે છે! તેનાથી હું સુવિદિત હોવાથી;સવારમાં ક્યાં લપ કરવી? તેવા તાજા જન્મેલા વિચાર સાથે,પેમેન્ટ કરી ટીકીટ બારી તરફ દોડ્યો.

એક લાઈનમાં ઉભો.આઇનસ્ટાઈનની "થિયરી ઓફ રીલેટીવીટી" મનમાં ઝબકારો કરી ગઈ !

લાઈનની લાક્ષણિકતા એ છે કે આપણે ઉભા હોઈએ તે સિવાયની લાઈનનો બારીવાળો ફટાફટ કામ કરતો ભાસે અને તે લાઇન ઝડપથી સરકતી દેખાય !

આપણાં દેશની સંરક્ષણની હરોળ પછી હું રેલવેને,આપણાં આટલા મોટા દેશની અવ્યવસ્થિત પ્રજા મધ્યે,વ્યવસ્થિત રીતે ચાલતી; સુંદર વ્યવસ્થા તરીકે જોઉં છું.ઘરમાં ટાઇલ્સ કે કોઈ વસ્તુ થોડા વપરાશ પછી પણ તૂટે છે,પણ રેલવેના ડબ્બામાં ફ્લોર કે બારીના સળિયા કે પગ મૂકી ઉપર ચડવાના પેડલ કે સળિયા; લાખો લોકોના ઉપયોગ પછી ભાગ્યે જ તૂટેલા જોયા છે!

ટીકીટ લઈને હું પ્લેટફોર્મ પર ગયો.કીડીના ટોળામાં,જેમ ખાંડનો દાણો ન દેખાય તેમ અમુક બોગીના તો બારણાં જ નહોતા દેખાતા !

છેવટે એક બોગીમાં ચડ્યો. ચાવવાના કામમાં ઉપયોગી એવી લાળ, ભીડ વચ્ચે; સાપની જેમ સરકતા-સરકતા, 'એક્સક્યુસ મી..એક્સક્યુસ મી' બોલવામાં જ વપરાઈ ગઈ,ગળું સુકાય ગયું! અને એક કંપાર્ટમેન્ટ આગળ પહોંચ્યો.

જેવો ત્યાં પહોંચ્યો ત્યાં બારીમાં ટટ્ટાર બેઠેલો માણસ,દીવાલે ટેકવેલ ઘઉંની બોરી લપસે તેમ સરકયો ને થોડો આડો થયો. વચ્ચેના બાળકને પરાણે સુવાડી તેની માતાએ પલાંઠી વાળી.આમ કુટુંબના સંયુક્ત પ્રયત્ને હવે સીટમાં બેસવાની કોઈ જ જગ્યા નથી તેવો આભાસ ઉભો કરી બેન બોલ્યા:" ઠેઠ રાજકોટથી આવીએ છીએ ને ઠેઠ મુંબઇ જવાનું છે !"

આમ,પાણીમાં તેલ તરતું રહે તેમ ઉભો રહ્યો.પણ બેસવું તો પડશે જ તેવા વિચારે,મારા જ્યોતિષ માટેના અજ્ઞાનને પ્રગટાવવાનું નક્કી કરી;સામે એક ભાઈ બેઠા હતા તેનો ઉપરની સીટ ટેકવેલો હાથ અને મારો ઉભવા માટે આધાર સમો હાથ પડોશી હોવાને નાતે,તેના હસ્તને જોઈ,ભાઈને ગળગળા કરવા જ્યોતોષીનું સ્ટાન્ડર્ડ વાક્ય: "બધા માટે તમે બહુ કરો છો પણ તમને જશ મળતો નથી" ફેંક્યું અને મારું તીર "ધારેલા નિશાન" પર લાગ્યું હોય તેમ તરત જ ભાઈએ આઘા ખસી મને આગ્રહપૂર્વક બાજુમાં બેસાડી દીધો !પછી જ્યોતિષના બીજા "સ્ટાન્ડર્ડ"વાક્યોના આડાઅવળા ફટકા મારી ગાડી ગબડાવી!

થોડીવાર પછી, અમુક માટે સુગંધ અને અમુક માટે વાસ તેવી ડુંગળીની એક લહેર ડબ્બામાં પ્રસરી ગઈ.મને થયું, હું વડોદરા અપ-ડાઉન કરતો ત્યારે આવતો તે, ચણાની દાળવાળો ચંદુ તો નહીં હોય ને ?! અને સાચે જ, થોડીવારમાં; તે જ આવ્યો.મને ઓળખી ગયો,ટોપલો હેઠો મૂકી હાથ મેળવ્યા અને મને પરાણે લીંબુ-મસાલેદાર દાળનું પડીકું આપ્યું.ખૂબ આનાકાની પછી પૈસા ન લીધા તે ન જ લીધા.શ્રી. ઉમાશંકર જોશીની: "નાનાની મોટાઈ જોઈને જીવું છું." પંક્તિ મગજમાં આંટો મારી ગઈ....અને આમ આખરે સુરત પહોંચી ગયો.

- દિપક બુચ,અમદાવાદ.

# જીવન એક અસ્ખલિત પ્રવાહ

આપણે બધા જાણીએ જ છીએ કે સૂર્ય વિના આપણી જીવસૃષ્ટિ અસંભવ છે ...ખરું ને ...! સૂર્ય ચિરકાળ માટે પ્રકાશે છે એટલે જીવન પણ એક અસ્ખલિત વહેતુ ઝરણું છે. જીવનમાં ક્યાંય પૂર્ણ વિરામ નથી પરંતુ જીવનમાં જન્મ અને મૃત્યુ એ બે અલ્પવિરામ સમાન છે. જીવન એક અનંત પથ છે જેમાં જન્મ અને મૃત્યુ માત્ર મથક છે, સમજો કે જેમાં જીવાત્મા શરીર રૂપી વસ્ત્ર બદલે છે.

તો પછી ચાલો, હવે જન્મ અને મરણને સમજવાની કોશિષ કરીએ. પંચમહાભૂતોનું બનેલું આપણું આ શરીર પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને તેજ અર્થાત આકાશ તત્વ સભર છે. જયારે જીવ જન્મ લે છે ત્યારે આ પંચમહાભૂતોવાળા દેહથી અહીં પૃથ્વી ઉપર પોતાની અધૂરી ઈચ્છા કે વાસના ભોગવવા માટે અનેક વાર જન્મ લે છે. અહીં એક અલ્પવિરામ થયું બરાબર ને...! તો જયારે આ મનુષ્ય પંચમહાભૂતોવાળા દેહનો ત્યાગ કરે છે ત્યારે બે ભૂત પૃથ્વી અને જળ એ બંને અહીં પૃથ્વી ઉપર જ છોડી બાકી રહેલા ત્રણ ભૂતો વાયુ, અગ્નિ અને આકાશ અર્થાત તેજ તત્વ સાથે આગળની યાત્રા કરે છે, એ બીજું અલ્પવિરામ...!. અતૃપ્ત ઇચ્છા અને વાસના પૃથ્વી અને જળ તત્વ સાથે ગાઢ સંબંધ ધરાવે છે એટલે જ  બાકીના ત્રણ તત્વો અગ્નિ, વાયુ અને આકાશવાળું સૂક્ષ્મ શરીર સંપૂર્ણ સંતૃપ્તિ આપવામાં અસમર્થ રહે છે.

જન્મ અને મરણ નિયતિના હાથમાં છે તેથી મનુષ્ય એ બાબતે લાચાર છે. આમ જોવા જાઓ તો મનુષ્યની અતૃપ્ત ઇચ્છા અને વાસના જ ફરી ફરીને જીવાત્માને પૃથ્વી ઉપર જન્મ લેવા પ્રેરે છે. આ જીવ માતાના ગર્ભમાં નવ મહિના મળમૂત્રમાં પડ્યો રહે છે ત્યારે હવેના જન્મમાં સારા કર્મો કરવા કટિબદ્ધ હોય છે, પરંતુ જન્મ લેતા જ એને માયાનો રંગ લાગે છે અને આત્મા જે સંપૂર્ણ પવિત્ર અને શુધ્ધ છે એની આસપાસ જીવ વિષય વાસનાથી એને ઢાંકી દે છે અને આત્માના સાદને સાંભળતો નથી કે પરખતો પણ નથી.

અહીં પૃથ્વી ઉપર રાગ દ્વેષ, મારુ તારું, પોતાની માલિકીનો ભૌતિક એટલે સ્થૂળ અને સૂક્ષ્મ અહં મોટો ભાગ ભજવે છે. શાસ્ત્રો અને ગ્રંથો પ્રમાણે મનુષ્યએ પૃથ્વી ઉપર જન્મ ઘણે ભાગે ભૂખ અને કામ અર્થેની અતૃપ્તિને કારણે જ લેવો પડે છે. આપણા શાસ્ત્રમાં મુખ્ય ચાર પુરુષાર્થ જણાવ્યા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. અહીં આ મનુષ્ય ચાર પુરુષાર્થનું ચુસ્ત પાલન કરવામાં નિષ્ફળ જાય છે. હકીકતમાં અર્થને ધર્મ કાજે અને કામને મોક્ષ કાજે સિધ્ધ કરવાનો મનુષ્ય જન્મનો હેતુ છે. પરંતુ આપણે જોઈએ છીએ કે મનુષ્ય ભૂખ અર્થાત ખાવા માટે જાણે જીવતો હોય એવું વલણ અપનાવે છે. સાચું પૂછો તો શાસ્ત્ર બોધ જીવવા માટે ખાવું એ સૂચવે છે. અર્થને ધર્મ એટલે દયા, તેમ જ દરેક જીવ પ્રત્યે  નિ:સ્વાર્થ પ્રેમ કરતા મનુષ્ય ધર્મનું પાલન કરવાનો શાસ્ત્ર બોધ છે. પરંતુ તેથી વિરુદ્ધ મનુષ્ય ભૌતિક પદાર્થ, વસ્તુ, જમીન, માલ મિલકત બધા ઉપર જાણે પોતાની માલિકી નો અમર પટ્ટો લખાવી આવ્યો હોય એમ વર્તે છે અને એ સારૂં અનેક કુકર્મો અને ગુન્ના કરે છે. આમ એ નવા કર્મ બંધનમાં બંધાય છે અને એનું પ્રાયશ્ચિત કરવા ફરી એક વાર એમ આમ અનેક યોનિઓમાં ભટક્યા કરે છે. હવે આમાં અર્થને ધર્મ તરફ ક્યાં વાળ્યો ? બીજી તરફ પૂર્વજન્મમાં અનેક યોનીઓમાં જન્મ લઇ કામ વાસના ભોગવવા છતાં મનુષ્ય જન્મમાં એનું નિયમન કરવામાં નિષ્ફળ નીવડે છે અને આવી અનેક અતૃપ્ત ઈચ્છા,

વાસનાઓ સાથે મનુષ્ય યોનીમાં મળેલો અમૂલ્ય જન્મ વેડફી નાખે છે. હકીકતમાં કામ, વાસના મનથી ઉદભવિત થાય છે પછી શરીરની ઇન્દ્રિયોને ગુલામ બનાવે છે. આવા સમયે પોતાને સારી સર્જનાત્મક પ્રવૃત્તિ તરફ વાળવાનું મનુષ્યને આવડતું નથી. મન મનુષ્ય ઉપર કબજો જમાવે છે જયારે મનુષ્યે મનની તમામ ઇન્દ્રિયો ઉપર વિનય અને વિવેક બુદ્ધિથી ઇન્દ્રિયોને વશ કરવી જરૂરી છે. આમ મોક્ષ તરફ વૈરાગ્ય અપનાવી જીવવાનું હોય છે એ મનુષ્ય ભૂલી જાય છે .

કારણ શરીરમાં કુંડલિની શક્તિ બિરાજમાન છે એમાં સાત ચક્રો છે જે પૈકી ભૂખ એ મણિપુરચક્રને દર્શાવે છે જયારે કામ સ્વાધિષ્ટાનચક્રને દર્શાવે છે. સામાન્ય મનુષ્ય આ અઘરા માર્ગને ન અપનાવતા અધોગતિ તરફ જાય છે જયારે કામને સિધ્ધ ઋષિ, મૂનિ, તપસ્વીઓ કુંડલિની શક્તિ જાગૃત કરીને વીર્યનું ઓજસમાં રૂપાંતર કરી જન્મ સફળ બનાવે છે.

આમ બે અલ્પવિરામ વચ્ચે મનુષ્ય વારંવાર જન્મ લે છે પરંતુ દરેક ફેરા નિષ્ફળ જાય છે. હવે અલ્પવિરામની આગળ અને પાછળ કોઈ જીવન છે ખરું ? એ  પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે હા..! જીવન એક ચેતના કે પ્રવાહ છે જે કીટક, પંખી, પશુ વિગેરે રૂપ લઇ શરીર બદલ્યા કરે છે. આત્મા અવિનાશી છે, અમર છે જેને કોઈ કાપી કે બાળી શકતું નથી અને ભીંજવી પણ શકતું નથી એટલે સ્થૂળ દેહમાં જન્મવું અને દેહ ત્યાગ કરવો એ માત્ર અને માત્ર અલ્પવીરામ જ છે તો આ બે અલ્પવિરામની આગળ અને પાછળ અનેક ગ્રહો કે લોકમાંથી પૂર્ણ તેજસ્વી તેજ સ્વરૂપ પુણ્ય આત્માઓ છે જેમણે આ મનુષ્ય જીવ દ્વારા સ્થિતપ્રજ્ઞતાથી સાક્ષીભાવે જીવન જીવી જન્મ સફળ કર્યો છે. એવા જીવાત્માઓ લાખો, કરોડો વર્ષ પછી એમની ઈચ્છા અનુસાર ફરી પૃથ્વી ઉપર જન્મ લે છે અને સિધ્ધ સંત,મહંત, ભક્તોથી આપણા બધાને સાચું માર્ગદર્શન કરાવે છે એ જ એમનો જન્મનો હેતુ હોય છે.

અહીં મનુષ્ય પાછલા અનેક જન્મોમાં જેમની સાથે કર્મો બંધાયા હોય છે એ ચૂકવવા માટે જન્મ ધારણ કરે છે. વળી એ જન્મમાં આવા ઋણાનુબંધ વાળા સમર્થ માતા પિતાને શોધે છે અને ત્યાં જન્મ લે છે. આમ કર્મબંધન અને ઋણાનુબંધ પણ અગત્યનો ભાગ ભજવે છે. અહીં એક વાત સમજવા જેવી છે કે નિયતિ પોતે જ આપોઆપ જ આ કાર્ય કરે છે. અહીં કોઈ લાગવગ ચાલતી નથી. મનુષ્ય દેહ છોડ્યા પછી સૂક્ષ્મ દેહમાં આ જીવાત્મા પોતે કરેલા અનૈતિક કર્મો માટે ઘણો જ પસ્તાય છે પરંતુ અહીં ઘણું મોડું થઇ ગયું હોય છે. આપણા કર્મો જ આપણી જન્મ કુંડળી બનાવે છે એટલે મનુષ્યએ સારા કર્મો, માનવતા, કરુણા, નિઃસ્વાર્થ પ્રેમ તરફ વધુ ધ્યાન આપવું જરૂરી છે અને પોતાની જન્મ કુંડળીનું ભવિષ્ય જાણવા પાછળ આંધળી દોટ છોડી દેવી જોઈએ . મનુષ્ય આ પાર્થિવ દેહ છોડી દીધા પછી સૂક્ષ્મ શરીર ધારણ કરી બે અલ્પવિરામની વચ્ચે એક અંગુઠા જેવો આકાર લઇ ભટક્યા કરે છે. જયારે પુણ્ય પવિત્ર સિધ્ધ તેજસ્વી આત્માઓ અલ્પવિરામની આગળ પાછળ અનેક રંગસભર દેહ ધારણ કરે છે ને એથી ઉચ્ચ કોટીના સંત, મહંત, ભક્તો તેજસ્વી સ્વરૂપ ધારણ કરે છે. આમ જીવન ચિરકાળ છે અને અનેક જીવાત્મા આ બે અલ્પવિરામ વચ્ચે જ મોહમાયામાં અટવાયા કરે છે.

ચિરંતન પટ્ટણી ," પ્રાર્થક" વડોદરા , મો. ૯૧૦૬૯ ૫૫૭૧૮

**મંથન...**

વેકેશનનો સમય હતો...વિનાયકભાઈના પુત્ર - પુત્રવધૂ,દિકરી - જમાઈ,બે ભત્રીજા અને એમની પત્ની.. નાના ભાઇનું કુટુંબ અને આ સૌના સંતાનો પણ.. એય ને ઘરમાં કુટુંબ મેળો જામ્યો હતો!.. પણ આમ જુઓ તો દિવસ ના થોડા સમય ને બાદ કરો તો બધા સૌ સૌની દુનિયા માં ખોવાયેલા હતા!....

રાત્રીના જમ્યા બાદ આ બધા સભ્યો ઘર ના વિશાળ બેઠક ખંડમાં ગોઠવાયા હતા.. એ સૌના એક - એક એટલે કે આશરે પંદર - સતર મોબાઈલ ફોન ' ઓન લાઇન ' હતા! ..એક - બે પાત્રો મોબાઈલ સામે જોઈને મરક- મરક થતા હતા..કોઈક એ મોકલેલ જોક વાંચતા હશે!.. અન્ય કોઈક ગંભીર વદને પોસ્ટ વાંચતું હતું..હશે..કોઈક તરફથી કંઇક લેખ કે સુવિચારો ફોરવર્ડ થયા હશે!..એક દિકરી બધાનો ફોટો પાડી રહી હતી..અન્ય ઠેકાણે પોસ્ટ કરવાનો હોય ને! પૌત્રી કાવ્યા એક ખુણા માં ઉભી રહી ને,ચિત્ર - વિચિત્ર એક્શન કરતી પોતાના જ ફોટા પાડતી હતી..સેલ્ફી!! એકાદ-બે 'ટીન એજરો' મોબાઈલ જોતા જોતા,વચ્ચે -વચ્ચે આવેશમાં આવી જઇને પોતાની મુઠ્ઠીઓ ઉલાળતા હતા.. મોબાઈલમાં હવે તો ગેમ્સ પણ ઘણી આવે જ છે ને! કેટલાક તો વળી ઇયર ફોન ભરાવી ને,બંધ આંખે કંઇક સાંભળતા હતા! ચહેરાના હાવભાવ બદલાતા રહેતા હતા પણ સાલ્લું કંઈ પકડમાં નહોતું આવતું!

સોફાના એક ખુણામાં બેઠેલા વિનાયકભાઇ આ દ્રશ્યો નિહાળીને ધૂંધવાતા તો હતા પણ કંઈ કરી શકે એમ નહોતા! દિવસે તો એ વાંચન કરવા બેસી જતા પણ રાત્રે હવે વાંચવાની તકલીફ પડતી હતી અને ટીવીનો પણ એવો શોખ નહોતો એટલે બીજું કરે પણ શું?મોબાઈલ ફોન પણ છે અને બેન્ક ના અને અન્ય કેટલીક સરકારી કચેરીઓ ના,વિવિધ પ્રકાર ના પેમેન્ટ જેવા કેટલાક  કામ તેઓ મોટાભાગે મોબાઈલ ફોન ની એપ્સ થી જ પતાવે છે..ક્યારેક ક્યારેક સારા વિડીયો જોઈ લે, જુની ફિલ્મોના ગીતો સાંભળે..પણ..એકલા હોય અને કંટાળતા હોય ત્યારે જ! બાકી તો વાતો કરવાનો અને પોતાના જીવનના અનુભવો પોતાના સ્નેહીઓ અને પરિચિતોને જણાવવાનો શોખ ખરો..પણ થોડા વરસોથી એ પણ ઘટતું ચાલ્યું છે! પત્ની વીણાબેન પણ નવી પેઢી સાથે કદમ મિલાવી શકાય એવા શુભ આશયથી સ્માર્ટ ફોન ધારક થઈને મનોરંજન પીરસતી વિવિધ એપ્સનું ખેડાણ કરતા શીખી ગયા હતા એટલે એમની સાથે પણ અમુક સમયે તો વાતો પણ ના થઈ શકતી..

વિનાયકભાઈને પોતાની તરુણાવસ્થા યાદ આવી ગઈ..એમના સમય નું વેકેશન યાદ આવ્યું.. એ ઘર જુનું હતું પણ બેઠક ખંડ આવો જ વિશાળ..સમગ્ર કુટુંબ ભેગું થયું હોય..તરહ તરહ ની વાતો થતી હોય.. વડિલો વળી એમના બાળપણ ના દિવસો ની વાતો કરતા હોય..મજાક - મસ્તી ચાલતી હોય!.. ઘરની વહુઆરુઓ ઘૂંઘટ માંથી મરક મરક થતી હોય! નાના બાળકો કોઈ ને કોઈ રમત રમતા હોય!.. ચાની ચુસ્કીઓ લેવાતી હોય..ચા ના પીતા હોય એમને માટે સોડા મંગાવી હોય..ઓહો..કેવો જમાનો હતો..કેટલા મજા ના દિવસો હતા!...આવા ફોન નહોતા તો પણ મજાના દિવસો કે આવા ફોન નહોતા એટલે જ મજાના દિવસો... વિનાયકભાઈ ભૂતકાળમાં સરી ગયા!..

" દાદા..આમ કેમ બેઠા છો? તમારો સેલ ફોન ક્યાં?.. ખરાબ થઈ ગયો છે?"-- હાઇસ્કુલમાં અભ્યાસ કરતી પૌત્રી રિચા ના પ્રશ્ન થી વિનાયકભાઈ ઝબકી ગયા!..

તેઓ હજુ તો કોઈ જવાબ આપે એ પહેલા જ વીણાબેનના શબ્દો તેમના કાને અથડાયા..

.."  કાંઈ બગડી નથી ગયો..આપણા કરતા પણ લેટેસ્ટ મોબાઈલ છે, તારા દાદા પાસે..પણ એને આપણી જેમ એનો સરખો ઉપયોગ કરતા ક્યાં આવડે છે?!.."

— પ્રદીપ એન. જોષીપુરા - જુનાગઢ.

# ABM TRAVELS

Discover your choice of destination in 2024,
we will make customized tour plan as per your requirement with choice of selected hotels/resorts, top conditioned AC vehicles with courteous drivers and lots of sightseeing for your comfortable and stress free holidays- Chalo Jaldi Taiyar thai jav.

● Shimla Manali ● Dalhousie ● Dharamshala ● Amritsar ● Vaishnodevi Ladakh ● Kashmir ● Nainital ● Corbet ● Mussoorie ● Darjeeling ● Gangtok ● Ooty Coorg ● Kerala ● Lakshadweep ● Andaman ● Guwahati ● Shilong ● Arunachal ● Rajasthan ● MP ● south India ● Goa
■ Nepal Dubai ■ Singapore ■ Thailand ■ Malaysia ■ Bali ■ Maldives ■ Mauritius ■ Vietnam
Religious places and many more.

**Avinash Mehta**
9820817318
abmtravels@gmail.com


Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.


**જય હાટકેશ જ્યોતિષ કાર્યાલય**

**શાસ્ત્રી ચંદ્રવદન એન. રાવલ**

**જ્યોતિષરત્ન, કર્મકાંડાચાર્ય, એસ્ટ્રોલોજર સત્યનારાયણની કથા, વાસ્તુ પૂજન, લગ્ન, નવચંડી, લઘુરૂદ્ર, કાલસર્પ દોષ/ નવગ્રહ/ નક્ષત્ર શાંતિ, પ્રાણપ્રતિષ્ઠા, નારાયણબલિ, માતૃગયા, ઉત્તરક્રિયા, કર્મકાંડ ભાગવત પારાયણ તેમજ દરેક ધાર્મિક કાર્ય માટે સંપર્ક કરો : એફ-૧૫,સ્વયંભૂ એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે આંબાવાડી, અમદાવાદ-૧૫. મો. ૯૮૨૪૬૯૩૭૬૦**

**નારાયણબલી તથા માતૃશ્રાદ્ધ માટે નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર સુધીરભાઈ ચંદ્રશંકર શુક્લ ગોલવાડ, બરોડા બૅંકની બાજુમાં, સિદ્ધપુર(પાટણ)**

**ફોન : ૦૨૭૬૭-૨૨૧૯૩૫**

**મો. ૯૮૨૪૩૧૧૬૦૯/૮૮૪૯૦૦૨૭૬૯**


આપની નીચેની એડ્રેસ સ્લીપમાં ૧૨/૨૦૨૪ હોય તો આ માસમાં લવાજમ પૂરું થાય છે.૭/૨૦૨૫ હોય તો ભરવાનું નથી. છેલ્લા ૭ માસનું લવાજમ રૂા.૧૫૦/-ભરી શકો છો.-તંત્રી

BOOK POST


તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.